# શાહમૃગ

– અનંત ઝવેરી

જગતનું મોટામાં મોટું પક્ષી શાહમૃગ છે. શાહમૃગ ઊડી શકતું નથી. ઊડવાને બદલે તે દોડી શકે છે. તેના પગ ઘણા મજબૂત છે. સાથળો પહોળી અને સાથળની છેક પગના આંગળાં સુધી પગ સ્નાયુવાળા અને પીંછા વગરના. પગનું તળિયું બે આંગળાંનું છે. એક આંગળું મજબૂત મોટું પહોળું અને બીજું આંગળું જરા નાનું. શાહમૃગ લાંબા કૂદકા લઈને દોડે છે. તે દોડતાં દોડતાં ૧૫ ફૂટ જેટલો લાંબો કૂદકો મારે છે. તેની દોડવાની ઝડપ દર કલાકે ૪૦ માઈલ જેટલી છે.

શાહમૃગની ઊંચાઈ ૭ ફૂટ જેટલી હોય છે. જ્યારે તેના શરીરની પહોળાઈ માથાની પૂંછડી સુધીમાં ૬ ફૂટ જેટલી હોય છે. શાહમૃગ લગભગ ૧૫૦ કિલો વજન ધરાવે છે.

શાહમૃગની ડોક મજબૂત ૨ થી ૩ ફૂટ ઊંચી હોય છે. ચાંચ ચપટી અને પહોળી હોય છે. ચાંચ ઉઘાડે ત્યારે તેનું ગળું ખાસું પહોળું થાય છે.

આફ્રિકામાં રણપ્રદેશની નજીકના ટૂંકા ઘાસનાં મેદાનોના સાવેના પ્રદેશમાં શાહમૃગ વસે છે. અનાજ, ઘાસ, પાંદડાં, કૂંપળો, ફળ, રસદાર ફળો, તીડ જેવા જંતુઓ તેનો ખોરાક છે. એકી વખતે આઠેક લિટર પાણી પી જાય છે.



નર શાહમૃગ રંગે કાળું અને માદા રાખોડી હોય છે. શાહમૃગની પાંખોનો છેડો તથા તેના શરીરના પૂંછડીના ભાગમાં સફેદ, મુલાયમ, સુંદર એવાં પીંછા થાય છે. આવાં પીંછાં ફક્ત નરને હોય છે. માદા શાહમૃગને સફેદને બદલે તે જગાએ ભૂખરા–તપખીરિયા પીંછાં થાય છે.

શાહમૃગનો નર રેતીમાં છીછરો ખાડો તૈયાર કરે છે અને ત્યાર પછી માદા શાહમૃગ તેમાં ૨૦ થી ૨૫ જેટલાં ઈંડા મૂકે છે. શાહમૃગનું ઈંડું ઘણું મોટું હોય છે. તે ઈંડું ૬ થી ૭ ઈંચ લાંબું અને ૫ ઈંચ જેટલું ઊંચું હોય છે. ઈંડાનું કોચલું ઘણું જ મજબૂત હોય છે. તેના પર માણસ બેસે તો પણ તે તૂટતું નથી.

દિવસે માદા ઈંડા ઉપર બેસીને ઈંડા સેવે છે, જ્યારે રાત્રે નર આ કામ કરે છે. ૪૨ દિવસે ઈંડામાંથી બચ્ચું બહાર નીકળે છે. શાહમૃગનું બચ્ચું જન્મ સમયે મોટી મરઘી જેવડું હોય છે. શાહમૃગ ઉપર સવારી કરી શકાય છે. તેના પર બેસીને પગને આંટી મારીને રાખવા પડે છે. તે એક મોટા વર્તુળની વક્રરેખામાં દોડે છે.